**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૩/૫/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-**  **સમાચાર યાદી નં.૧૦૩૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૨ લીટર દેશી દારૂ, ૩૧ બિયરટીન અને ૦૨ એક્સેસ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૭૭૬/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૧૦૩૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-**  **સમાચાર યાદી નં.૧૦૪૦/૧૫**

**દાણીલીમડા :** બાબુભાઇ ઉકાભાઇ પરમાર (રહે,દુધાભાઇની ચાલી, ચેપીરોગ હોસ્પીટલ સામે, બહેરામપુરા) એ તા.૨૨/૫/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૫/૧૫ બપોરનાં ૪/૩૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી શિવાની (ઉ.વ.૧૭)ને ઘર નજીક રહેતો આરોપી વિજય જયંતીલાલ પરમાર લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

**ઇસનપુર :** દક્ષાબહેન કમલેશભાઇ ગરીયલ (રહે,ચોથી લાઇન, જાગેશ્વરી સોસાયટી, કુંકુબાગ સ્કુલની બાજુમાં, ઇસનપુર) એ તા.૨૨/૫/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૫/૧૫ બપોરનાં ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી કોઇ અજાણી વ્યક્તિ પોતાની પુત્રી મમતા ઉર્ફે ચીકુ (ઉ.વ.૧૬) અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૧/૧૫**

**કાગડાપીઠ :** દિપકકુમાર માણેકચંદ્ર સિંધી (રહે.કૌશલ્ય એપાર્ટમેન્ટ, ડી કેબીન, સાબરમતી) એ તા.૨૨/૫/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જાન્યુઆરી ૨૦૧૪ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાકેશભાઇ જૈન (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) (૨) વિશ્વનાથ ઉર્ફે રવી રંજન ગુપ્તા (રહે.જગદંબા પાઇપ સ્ટોર્સ, મનોજ ચોક, ઠપા વિહાર (૩)કેદારભાઇ (રહે.ગોમતીપુર) નાએ ભેગામળી દિપકકુમારની દુકાનેનાં પંજાબી શુટ અને ડ્રેસ મટીરયલ્સ ખરીદનાર વેપારીઓ પાસેથી પોતાની ઓળખાણ દિપકકુમારનાં મેનેજર તરીકે આપી, કુલ ૨૫ વેપારી પાર્ટીઓ પાસેથી માલ વેચાણનાં લેણાં થતાં કુલ રૂપિયા ૧૩,૩૩,૭૪૫/- ઉઘરાવી લઇ, ઉઘરાણીનાં પૈસા દિપકકુમારને નહીં આપી, દિપકકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૨/૧૫**

**બાપુનગર** : લીલાબહેન રસિકભાઇ પટેલ (ઉ.વ.૬૦)(રહેસોનલપાર્ક સોસાયટી, વિભાગ-૧, રઘુનાથ સ્કુલની પાસે, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૫/૧૫ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે મેઘમણી સોસાયટીના નાકે આવેલ મહાકાળી મંદિરની બાજિમાંથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) લીલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧૮,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)